# 2nd Foreign Office Consultations between India and Mozambique

July 04, 2022

## ભારત અને મોઝામ્બિક વચ્ચે 2જા વિદેશ કચેરીનાં પરામર્શો

જુલાઈ 04,2022

ભારત અને મોઝામ્બિક વચ્ચે 4 જુલાઈ 2022 નાં રોજ નવી દિલ્હીમાં વિદેશ કચેરીનાં પરામર્શોનો 2જો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સંયુક્ત સચિવ (પૂર્વ અને દક્ષિણ આફ્રિકા) શ્રી પુનીત આર. કુંડળ દ્વારા કરવામાં આવી હતી અને મોઝામ્બિકનાં પક્ષની આગેવાની મોઝામ્બિકનાં વિદેશી બાબતો અને સહકારનાં મંત્રાલયમાં એશિયા અને ઓશનિયા માટેનાં નિર્દેશક શ્રીમાન ઈસ્માઈલ વાલિગી દ્વારા કરવામાં આવી હતી.

2. વિદેશ કચેરીનાં પરામર્શો દરમિયાન, બન્ને પ્રતિનિધિ મંડળોએ રાજકીય આદાનપ્રદાનો, વિકાસ ભાગીદારી પરિયોજનાઓ, સંરક્ષણ અને સલામતી સહકાર, વ્યાપાર અને આર્થિક બાબતો, રાજદ્વારી સમસ્યાઓ અને કૃષિ, ખેલકૂદ આરોગ્ય વગેરે જેવા ક્ષેત્રોમાં સહકાર આવરી લેતા બહુ-આયામી દ્વિપક્ષીય સંબંધની સમીક્ષા કરી હતી. બન્ને પક્ષો લોકો વચ્ચે પરસપર આદાનપ્રદાનો અને સાંસ્કૃતિક સહકાર વધારવા સંમત થયા હતા.

3. ભારતીય પક્ષે 2023-24 નાં સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બિન-કાયમી સભ્યતા માટે મોઝામ્બિક ચૂંટાઈ આવવા પર તેને અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ સંયુક્ત રાષ્ટ્ર, સાઉથ આફ્રિકન ડેવલપમેન્ટ કોઓપરેશન (SADC) અને આફ્રિકન કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એરીયા (AfCFTA) માં સહકાર સહિત વૈશ્વિક વિકાસો અને સામાન્ય હિતનાં મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની આપ-લે પણ કરી હતી.

4. ભાગીદારી વાઈબ્રન્ટ અને પરસ્પર લાભદાયક રાખવા માટે બન્ને પક્ષો ઉચ્ચ સ્તરીય રાજકીય આદાનપ્રદાનો અને સંયુક્ત સંસ્થાકીય યંત્રણાઓની નિયમિત મીટિંગો ચાલું રાખવા માટે પણ સંમત થયા હતા.

5. આ વાર્તાઓ મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવી હતી. માપુટોમાં પરસ્પર સાનુકૂળ તારીખો પર પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા બન્ને પક્ષો સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જુલાઈ 04, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.